# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૫ (A) તા.૨૮-૮-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષય :ધો.૪ થી ૮ના વિદ્યાર્થીઓને સ્વાઇનફ્લૂ વાયરસથી બચાવા રોગપ્રતિકારક શકિત વધારવા હોમિયોપેથિકની ગોળીઓ ખવડાવવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકને જણાવવાનું કે, માન. નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથિકની કચેરી, ગાંધીનગર, આર્યુવેદ શાખા જિલ્લા પંચાયત અમદાવાદના માર્ગદર્શન હેઠળ (સરકારી હોમિયોપેથિક દવાખાનું, બાપુનગર) મ્યુનિ. શાળાઓમાં અભ્યાસ કરતાં ધો. ૪ થી ૮ના તમામ વિદ્યાર્થીઓને સ્વાઇન ફ્લૂ પ્રતિરોધક હોમિયોપેથિક ગોળીઓનો મફત વિતરણ (સૌજન્ય : અમદાવાદ ડાયમંડ એસોસીએશન મેડિકલ દ્વારા સંચાલિત કાકડીયા હોસ્પિટલ,અમદાવાદ) કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આજરોજ તા.૨૮/૮/૨૦૧૭ એ તમારી શાળાનાં બીટ નિરીક્ષકશ્રી(ઝોન ઓફિસ) પાસેથી હોમિયોપેથિક ગોળીઓ મેળવી લેવાની રહેશે (સમયઃ ૪ થી ૬). વિદ્યાર્થીઓને આ ગોળીઓ ખવડાવવા માટેની નીચે મુજબની સૂચનાઓનું શબ્દસહ અમલ કરશો.

૧. હોમિયોપેથિક ગોળીઓ વિદ્યાર્થીઓને આપવાની નથી. શાળામાં પ્રાર્થના પૂર્ણ થયા પછી તરતજ વર્ગ શિક્ષક દ્વારા ધો.૪ થી ૮ના વિદ્યાર્થીઓને ભૂખ્યાપેટે ૩ ગોળીઓ ડબ્બીના ઢાંકણામાં લઇ મોઢામાં રાખીને ચૂસવા માટે કહેશો. સળંગ ત્રણ દિવસ સુધી આ દવા રોજ આપવી.

૨. શિક્ષકોએ રોજ ચાર ગોળીઓ ત્રણ દિવસ સુધી સળંગ લેવાની રહેશે.

૩. આ કાર્યક્રમનો દરેક શાળાએ ૩ દિવસમાં એક ફોટાપાડીને બીટ નિરીક્ષકશ્રીને મોકલવાનો રહેશે.

૪. આ દવા લીધાની ૨૦ મિનિટ પહેલાં અને પછી ૨૦ મિનિટ કાંઇ પણ ખાવું પીવું નહીં.

૫. આ દવાની કોઇ આડઅસર નથી.

૬. આ ગોળીઓથી વિદ્યાર્થીઓની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થશે તેમજ સ્વાઇન ફ્લૂના વાયરસથી બચવામાં મદદરૂપ થશે.

તા.૨૮-૮-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી